લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના

# દર્પણ



- District 3232-B3
- Club No. 142202
- Zone-1
- LY 2026-27

JULY 2026

## અંતરના ઓવરેથી....



ફેમિના સહિયરો,

ફેમિના ક્લબના પ્રમુખની રૂએ લાયન વર્ષ ૨૦૨૬-૨૭ના મુખપત્ર "દર્પણ"નો પ્રથમ અંક આપની સમક્ષ રજુ કરતાં હું અત્યંત હર્ષ અને ગર્વની લાગણી અનુભવું છું. "દર્પણ"નો એક અર્થ છે "આદર્શ" અને તેને સાર્થક કરવા હું મને સોંપેલી જવાબદારી પૂરી પારદર્શકતા, ખંત અને નિષ્ઠાથી બજાવી ક્લબને "આદર્શ ક્લબ"નું સ્થાન અપાવવા સતત પ્રયત્નશીલ રહીશ.

ગત વર્ષમાં આપણે "સર્વ મંગલ"ની ભાવનાથી સેવા કાર્યો કર્યા. આ વર્ષના ગવર્નરશ્રીનું સ્લોગન છે "Unleash Your Potential" ઈશ્વરે માનવીને અમાપ શક્તિઓ આપી છે અને આપણે પૂરી શ્રધ્ધાથી એ શક્તિઓને ઓળખીને ઉજાગર કરીએ, યોગ્ય દિશા આપીને લાયન્સ ઈન્ટરનેશનલનું નામ જગતમાં ઉન્નત કરવાનું છે.

ક્લબના અનુભવી લીડર્સના માર્ગદર્શન અને સૌ સભ્યોના સહકારથી આગામી વર્ષમાં આપણે ઈન્ટરનેશનલના આઠ અને ગવર્નરશ્રીના પાંચ કાર્યક્રમોમાં સેવાના કાર્યો કરીશું. આ સાથે ફેલોશીપ દ્વારા એકબીજાના સંપર્કમાં રહીને પીકનીક, હાઉસી, રમત-ગમતો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તો ખરી જ.

ફેમિના ક્લબનો ભવ્ય સાતમો શપથવિધિ સમારોહ પીડીજી લા. હરિશભાઈ ત્રિવેદીના વરદ્ હસ્તે તથા સુશ્રી હિતાબેન ભટ્ટ (રિટાયર્ડ ડિસ્ટ્રીક્ટ જજ, ગાંધીનગર)ના મુખ્ય મહેમાન પદે અત્યંત આનંદ-ઉલ્લાસથી યોજાઈ ગયો. લા. હરિશભાઈ ત્રિવેદી સાહેબે દરેક કમિટિના સભ્યો તથા બોર્ડ મેમ્બર્સને તેમની ફરજોની ઝીણવટપૂર્વક સમજ આપીને હોદ્દાના શપથ ગ્રહણ કરાવ્યા હતા.

આ પ્રસંગે લાયન્સ ૩૨૩૨બી૩ ના પીડીજી લા. સુનિલ ગુગલીયા, ગવર્નર (ઈ) લા. એલ. કે. વાઘેલા, ફર્સ્ટ વીડીજી (ઈ) લા. ભરત શેઠ દ્વારા આશિર્વચન અને શુભેચ્છા પાઠવી આપણને કૃતાર્થ કર્યા. ડિસ્ટ્રિક્ટના અન્ય અધિકારીઓ, મહેમાનો, ક્લબના ટ્રસ્ટી, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તેમજ બહોળા પ્રમાણમાં લાયન્સ સભ્યોની ઉપસ્થિતિ પ્રેરણાદાયક રહી. તેઓના હૃદયપૂર્વક આભાર.

*"Be like a mirror, not photographic Paper, Intellect reflects the moment,*
*When the moment passes, be clean again like a MIRROR"*

**લા. જાગૃતિ વ્યાસ**
**પ્રમુખ**

### બંસરી રિસોર્ટ ખાતે વર્ષ ૨૬-૨૭ના વપરાયેલા પ્રમુખ, મંત્રી તથા ખજાનચીની સ્કૂલીગમા સામેલગીરી








President — Lion Jagruti Vyas — Mo. 98795 07482
Secretary — Lion Sanju Gupta — Mo. 99252 33418

## મંત્રીશ્રીની મહેક

**લા. સંજુ ગુપ્તા**



પ્રિય ફેમિના મિત્રો,

મા વૈષ્ણોદેવીને પ્રણામ ! આપણી ક્લબના સાતમા સેક્રેટરી તરીકે “દર્પણ”ના માધ્યમથી આપ સમક્ષ રજૂ થતા ગૌરવ અને આનંદની અનુભૂતિ થાય છે. હું “દર્પણ” દ્વારા ક્લબની વિવિધ પ્રવૃત્તિઓ અને માહિતી આપ સુધી પહોંચાડતી રહીશ. આપણે સૌ સાથે મળી ક્લબને નવી ઉંચાઈ સુધી લઈ જઈ ગવર્નરશ્રીના **“Unleash Your Potential”** ના સૂત્રને સાચા અર્થમાં સાબિત કરવા પ્રયત્નશીલ રહીશું. આ સુંદર સફરમાં આપ સૌનો સહયોગ અને આશિર્વાદ સતત મળતા રહે તેવી અપેક્ષા રાખું છું.

**૧ જૂન :** ફેમિનાની એવોર્ડ નાઈટનું સેરેન ગાર્ડન ખાતે આયોજન કરેલ.

**૯ જૂન :** પાસ્ટ પ્રેસીડેન્ટ ફોરમની બેઠક નીની’ઝ કીચન ખાતે યોજવામાં આવી.

**૧૦ જૂન :** મા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સૌથી લાંબા કાર્યકાળની ઉજવણીમાં મળેલ આમંત્રણ અંતર્ગત શ્રી ઉમિયા મંદિર ખાતે મહાઆરતીમાં લા. જાગૃતિ વ્યાસ તથા લા. કાનન પટેલે ભાગ લીધો હતો.

**૧૨ જૂન :** “ગાંધીનગર લોકસભા, હરિયાળી લોકસભા” અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકાની બેઠકમાં પ્રમુખ લા. જાગૃતિ વ્યાસે ઉપસ્થિત રહી કાર્યક્રમો અંગેની માહિતી મેળવી.

**૧૩ જૂન :** ગવર્નરશ્રી **One to one meeting** માં ડિસ્ટ્રીક્ટ ઓફિસર મમતાબેન રાવલ, પ્રમુખ જાગૃતિ વ્યાસ, ફર્સ્ટ વી.પી. ભૂમિ જોગાણી તથા થર્ડ વી.પી. કાનન પટેલે હાજર રહી ગવર્નરશ્રીના લક્ષ્ય, આયોજન, નેતૃત્વ, દૃષ્ટિકોણ તથા ૨૦૨૬-૨૭ની તૈયારી અંગેની ચર્ચામાં ભાગ લીધો.

**૧૪ જૂન :** અવ્વલ વૃદ્ધાશ્રમ ઘાટલોડિયા ખાતે લા. ઈલાબેન જોષી તથા લા. જ્યોતિબેન પંચાલના સહયોગથી વડીલોને પૂરા દિવસનું ભોજન કરાવવામાં આવ્યું. સર્વે દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર.

**૧૫ જૂન :** અધિક માસના અંતિમ દિવસે લા. જ્યોતિબેન પંચાલના સહયોગથી સેક્ટર-૬ના શ્રમિક વિસ્તારમાં ખીચડી તથા ચંપલ વિતરણનો કાર્યક્રમ સંપન્ન થયો.

**૨૧ જૂન :** સે-૧ના ગાર્ડનમાં થર્ડ વી. પી. મિતલબેન રાણાના માર્ગદર્શન હેઠળ ઈન્ટરનેશનલ યોગા ડેની ઉજવણી કરવામાં આવી. જેમાં બહોળા પ્રમાણમાં સભ્યોએ ભાગ લીધો.

**૨૧ જૂન :** જરૂરિયાતમંદ દિકરીને શિક્ષણ સહાય માટે કૉલેજ ફીનું અનુદાન કર્યું.

**૨૩ જૂન :** સાતમા ઈન્સ્ટોલેશન દિવસની પૂર્વ તૈયારી અને આયોજન માટે કાર્યક્રમના સ્થળ ઉપર મિટિંગનું આયોજન કર્યું.

**૨૫ જૂન :** પરમેનન્ટ પ્રોજેક્ટ હેઠળ પાંચ પ્લાસ્ટિક બોટેલ કલેક્શન યુનિટનું ગવર્નર શ્રી હિરેન મેવાડા, ગાંધીનગર ભાજપા પ્રમુખ શ્રી આશિષ દવે, મ્યુનિસિપલ કમિશનર ગાંધીનગરશ્રીની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યુ.

**૨૭ જૂન :** લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાનો સાતમો શપથવિધિ સમારોહ ટેસ્ટ એન્ડ ટેલ્સ બેન્કવેટ હોલ ખાતે યોજાયો. મુખ્ય મહેમાન કુ. હિતાબેન ભટ્ટ (નિવૃત્ત મુખ્ય જિલ્લા ન્યાયાધીશ)ની ઉપસ્થિતિમાં, પીડીજી લા. હરીશભાઈ ત્રિવેદીના હસ્તે પ્રમુખ જાગૃતી વ્યાસ, મંત્રી સંજુ ગુપ્તા, ખજાનચી બીના ચોક્સી, ઉપપ્રમુખ, ભૂમિ જોગાણી, મિતલ રાણા તથા કાનન પટેલની સાથે સમગ્ર કાર્યકારી કમિટી તથા બોર્ડના સભ્યોના શપથ લેવાયા. આ પ્રસંગે લાયન્સ ૩૨૩૨બી૩ ના પીડીજી લા. સુનિલ ગુગલીયા, ગવર્નર (ઈ) લા. એલ. કે. વાઘેલા, ફર્સ્ટ વીડીજી (ઈ) લા. ભરત શેઠ, ડિસ્ટ્રિક્ટના અન્ય અધિકારીઓ, મહેમાનો, ક્લબના ટ્રસ્ટી, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તેમજ બહોળા પ્રમાણમાં લાયન્સ સભ્યોની ઉપસ્થિતિ પ્રેરણાદાયક રહી. સર્વે કમિટિ અને બોર્ડ મેમ્બર્સને નિમણૂક બદલ ખુબ ખુબ અભિનંદન.

**૩૦ જૂન :** ફેમિના મેમ્બર કાલિંદી પરીખે તેમની શૈક્ષણિક સંસ્થામાં જરૂરિયાતમંદ દિકરીને ફ્રી પ્રોફેશનલ કોર્સની વ્યવસ્થા કરી આપી.

## ખજાનચીની ખાસ વાત

**લા. બીના ચોક્સી**



મારી વ્હાલી ફેમિના બહેનો,

જય સ્વામિનારાયણ, વર્ષ ૨૦૨૬-૨૭ના ખજાનચી તરીકે આપની સમક્ષ પ્રથમ સંદેશ મૂકતા હર્ષ અનુભવું છું. આપ સૌ જાણો છો કે જુલાઈ મહિનો એટલે આપણી ક્લબની મેમ્બરશીપ રીન્યુ કરાવવાનો મહિનો. આપ સર્વેને તા. ૯ જુલાઈ ૨૦૨૬ સુધીમાં ફી જમા કરાવવા તથા આગામી સેવાના કાર્યોમાં આપનો અમૂલ્ય નાણાંકીય સહકાર આપવા વિનંતી છે.

આભાર.

## પરિવારની વાત...

- ફેમિના ક્લબના પ્રમુખ અર્ચનાબેનને એક્સલન્સ્ટ પ્રેસિડેન્ટ, કાનનબેનને બેસ્ટ સેક્રેટરી તથા લીયો પંથ સુતરીયાને બેસ્ટ ટ્રેઝરર તેમજ લીયો ક્લબ ઓફ ગાંધીનગર ફેમીનાને આઉટ સ્ટેન્ડિંગ લીયો ક્લબ અને ફેમિના ક્લબને સર્વિસ એક્સલેન્ટ સહિત કુલ છ એવોર્ડ મળ્યા છે. તે બદલ ખુબ ખુબ અભિનંદન.
- લા. અર્ચના દવેને એપ્રિલ માસમાં ૧૦ મેમ્બર કરવા માટે ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ લા.એ.પી.સિંગ તરફથી ઈન્ટરનેશનલ સર્ટિફિકેટ મળેલ છે. તે બદલ ખુબ ખુબ અભિનંદન.
- ફેમિના ક્લબના ગૌરવ સન્માન, ચાર્ટર પ્રેસિડેન્ટ અને DC GLT (૨૦૨૫-૨૬) લાયન મમતાબેન રાવલને ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ લાયન એ. પી. સિંગ દ્વારા માનવંતા ઈન્ટરનેશનલ પ્રેસિડેન્સિયલ રેકગ્નિશન પ્લેકથી સન્માનિત કરવામાં આવ્યા. ખૂબ ખૂબ અભિનંદન મમતાબેન.
- સુશ્રી મનિષાબેન ત્રિપાઠીએ વડોદરા ખાતે યોજાયેલ સ્વીમીંગ કોમ્પિટીશનમાં ૩ મેંડલ પ્રાપ્ત કર્યા. ખૂબ ખૂબ અભિનંદન.
- લા. કુસુમબેન જોષી, ગાંધીનગરને વૃત્રાસુર મનુ:શ્લોકા કંઠસ્થીકરણ પરીક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.
- લાયોનેશ ક્લબ ગાંધીનગરમાં વિણાબેન વોરા પ્રેસિડેન્ટ, પ્રતિમાબેન ત્રિવેદી સેક્રેટરી, ઉષાબેન ટાંક ટ્રેઝરર, મનિષાબેન ત્રિપાઠી, ચારૂબેન ટાંક, દિનાબેન ભટ્ટ અને પૂજા જોશી કમિટીમાં નિયુક્ત થયા તે બદલ ખૂબ ખૂબ અભિનંદન.
- લા. ક્રિનાબેન સુતરીયા ઓસ્ટ્રેલિયાની ટુર કરીને પરત આવેલ છે. વેલકમ હોમ ક્રિનાબેન.
- લા. દીપ્તિ જોશીની પુત્રી ઉક્તિ જોશી એમ.બી.બી.એસ.માં ઉત્તીર્ણ થઈ છે. ડૉ. ઉક્તિ અને ફેમિલીને અભિનંદન.
- લા. દિના ભટ્ટની પુત્રી ડૉ. ધ્વની ભટ્ટને લીયો એરિયા ચેરપર્સનમાં એક્સલન્સનો એવોર્ડ મળ્યો છે. તે બદલ ખુબ ખુબ અભિનંદન.

## દાનની સરવાણી...

### આત્મનિર્ભર પ્રોજેક્ટ

| | |
|---|---|
| હંસાબેન પંડ્યા | ૫૦,૦૦૦ |
| લા. અર્ચનાબેન દવે | ૪૦,૦૦૦ |

### બર્થડે - એનવર્સરી નિમિત્તે

| | |
|---|---|
| લા. રાજેશ્વરી ગોર | ૨૧૦૦ |
| લા. સરિતાબેન શુક્લા | ૨૧૦૦ |
| લા. શીતલબેન સોની | ૧૫૦૦ |
| લા. ટીના ચૌધરી | ૧૧૦૦ |
| લા. ચંદ્રિકા ખટવાની | ૧૧૦૦ |
| લા. કલ્પના પટેલ | ૧૦૦૦ |
| લા. કલ્પના મહેતા | ૧૧૦૦ |
| લા. વંદના રાવ | ૧૧૦૦ |
| લા. નીરૂબેન પટેલ | ૨૧૦૦ |

# Lions Club of Gandhinagar femina

## હોદ્દેદારશ્રીઓ
## વર્ષ ૨૦૨૬-૨૭



પ્રમુખ
લા. જાગૃતિ વ્યાસ



I.P.P.
લા. અર્ચના દવે



પ્રથમ ઉપપ્રમુખ
લા. ભૂમિ જોગાણી



દ્વિતીય ઉપપ્રમુખ
લા. મિતલ રાણા



તૃતીય ઉપપ્રમુખ
લા. કાનન પટેલ



સેક્રેટરી
લા. સંજુ ગુપ્તા



જોઈન્ટ સેક્રેટરી
લા. ગીતા પટેલ



ટ્રેઝરર
લા બીના ચોક્સી



જોઈન્ટ ટ્રેઝરર
લા. ઉષા ટાંક



ટેમર
લા. ધારીણી દેસાઈ



ટેઈલ ટ્વીસ્ટર
લા. નિલિમા શાહ



માર્કેટીંગ એન્ડ મિડીયા
લા. પૂજા જોષી



ડાયરેક્ટર
IPP લા. અર્ચના દવે



ડાયરેક્ટર GMT
લા. મિતલ રાણા



ડાયરેક્ટર GLT
લા. ભૂમિ જોગાણી



ડાયરેક્ટર GST
લા. કાનન પટેલ



નોમીનેશન ચેરમેન
લા. ચંદા યાદવ



પી.પી. ફોરમ ચેરમેન
લા. ડિમ્પલ દેસાઈ

Lions Club of Gandhinagar femina

### ટ્રસ્ટી

| | |
|---|---|
| લા. મમતા રાવલ | લા. ચંદા યાદવ |
| લા. વૈશાલી જોશી | લા. દક્ષા જાદવ |
| લા. ડિમ્પલ દેસાઈ | લા. ઈલાબેન જોષી |
| લા. આરતી ભટ્ટ | |

### પાસ્ટ પ્રેસીડેન્ટસ

| | |
|---|---|
| લા. મમતા રાવલ | (Ly 2020-21) |
| લા. વૈશાલી જોશી | (Ly 2021-22) |
| લા. ડિમ્પલ દેસાઈ | (Ly 2022-23) |
| લા. ચંદા યાદવ | (Ly 2023-24) |
| લા. દક્ષા જાદવ | (Ly 2024-25) |
| લા. અર્ચના દવે | (Ly 2025-26) |

### બોર્ડ મેમ્બર્સ

| | |
|---|---|
| લા. હેમાબેન પટેલ | લા. અનામિકા અંજારીયા |
| લા. ગુનિતાબેન રાઠોડ | લા. દિપ્તી જોષી |
| લા. અંજલિબેન પટેલ | લા. હીના ગોહેલ |
| લા. મનિષાબેન પટેલ | લા. બબિતા સિંઘ |
| લા. જ્યોતિબેન પંચાલ | લા. કવિતા કોટક |
| લા. નીમાબેન પટેલ | લા. દિનાબેન ભટ્ટ |
| લા. ભારતીબેન રાવલ | લા. કીના સુતરીયા |
| લા. પાયલબેન પુરોહિત | લા. માયાબેન અગ્રવાલ |

## CABINET OFFICERS 2026-27

District 3232-B3

| | | |
|---|---|---|
| ડીસ્ટ્રીક્ટ ગવર્નર | : | લાયન એલ. કે. વાઘેલા |
| ડીસ્ટ્રીક્ટ કેબીનેટ સેક્રેટરી | : | લાયન પિયુષ શાહ |
| ડીસ્ટ્રીક્ટ કેબીનેટ ટ્રેઝરર | : | લાયન નિતેશ ચાવડ |
| IMM પાસ્ટ ડીસ્ટ્રીક્ટ ગવર્નર | : | લાયન હિરેન મેવાડા |
| ફર્સ્ટ વાઈસ ડીસ્ટ્રીક્ટ ગવર્નર | : | લાયન ભરત શેઠ |
| સેકન્ડ વાઈસ ડીસ્ટ્રીક્ટ ગવર્નર | : | લાયન અતુલ જોષી |
| ડીસ્ટ્રીક્ટ કેબિનેટ એડમિનિસ્ટ્રેટર | : | લાયન મમતા રાવલ |
| ઝોન ચેરપર્સન ઝોન-૧ | : | લાયન વિવેકસિંહ ચૌહાણ |
| ડી.સી. G.E.T. | : | લાયન મુકેશ પટેલ |
| ડી.સી. G.S.T. | : | લાયન રાજેશ સોની |
| ડી.સી. G.M.T. | : | લાયન હેમેન્દ્ર શાહ |
| ડી.સી. G.L.T. | : | લાયન આશિષ ગન્ના |
| પ્રોટોકોલ ઓફિસર | : | લાયન નિમેષ મજમુદાર |
| ડી.સી. ફીઝીકલ ચેલેન્જ | : | લાયન અર્ચના દવે |

# જૂન માસના કાર્યક્રમોની ઝલક



અવ્વલ વૃધ્ધાશ્રમ ખાતે ભોજન



શ્રમીકોને ખિચડી વિતરણ







ઈન્સ્ટોલેશન સેરેમની





યોગ દિવસ ઉજવણી




એવોર્ડ નાઈટ





ડિસ્ટ્રીક્ટ એવોર્ડ સેરેમની





પ્લાસ્ટિક બોટલ કલેક્શન સેન્ટરનું લોકાર્પણ

## મેમ્બર્સ કોર્નર

પિતા બોલતાં જ પુત્રી પણ મગજમાં આવે... પુત્રી પિતાની લાડલી હોયછે. કદાચ હંમેશા નહીં, પણ મોટે ભાગે તો ખરું જ. અને હું સદ્નસીબ છું કે મારી ગણતરી એ મોટાભાગની પુત્રીઓમાં છે... જેને પિતાન લાડકોડ મળ્યાં છે. લાડ એટલે વેવલાપણા જેવા નહીં... પરંતુ વિચારવંત વહાલ... પછી એ પહેલી તારીખે પગારની સાથે અચૂક આવતો અમારો ફેવરિટ ક્રીમરોલ હોય કે મારી વાંચનભૂખને સંતોષવા શહેરની બધી જ લાયબ્રેરીમાંથી આવતા પુસ્તકો... કે પછી મારા માટે પહેલેથી વિચારી રાખેલું ખાસ નામ...

અમે નાના હતા ત્યારે પપ્પા અમને વાર્તાઓ કહેતા... વાતો એટલે ગણીને બે જ વાર્તા... સોનબાઈને સાત ભાઈઓ... અને આનંદી કાગડો... પણ એમની કહેવાની લઢણ એવી કે રોજ એની એ જ વાત સાંભળવા પણ કોઈ કંટાળો નહીં. અને હું પોતાને સાતભાઈઓની લાડકી સોનબાઈ જ સમજતી... અને થોડી સમજણ આવતાં જ હંમેશા કોઈપણ પરિસ્થિતિમાં ખુશ રહેતો કાગડો...

આવા તો કેટલાંય સ્મરણો... પરંતુ મને જેણે સૌથી વધુ અસર કરી તે આ એક વાક્ય... "હંમેશા સૌ માંથી ગુણ લેવા." આ વાક્ય કોઈને કોઈ સંદર્ભમાં પપ્પા ઘણીવાર બોલતા. જે મારા મનમાં જડાઈ ગયેલ અને હું બે રીતે સમજતી. (૧) કોઈની પાસે કોઈપણ ગુણ હોય, કોઈ આવડત હોય અને એ આપણને શીખવા જેવી લાગતી હોય તો તે શીખી લેવી. (૨) દરેક વ્યક્તિમાં ગુણ અને અવગુણ બન્ને હોય છે... પરંતુ તેના અવગુણોને અવગણીને ગુણને જ ગણતરીમાં લેવા. જેથી તે વ્યક્તિનો આપણને અભાવ ન આવે. આ વાક્ય... અને એની આવી સમજણે મારી વ્યક્તિગત પ્રગતિમાં ઘણો ફાળો આપ્યો.... અને મન અને જીવનની શાંતિમાં પણ...

પપ્પા, કોઈના જવાથી જીવન અટકી નથી જતું, પણ ફરક તો પડે જ છે ! તમારી શીખ અને તમારા આશઈર્વાદ મારા થકી અન્યોના જીવનમાં ફરક પાડી શકે એવી આશા સાથે આ 'ફાધર્સ ડે' પર તમારી સોનબાઈના તમને સાદર પ્રણામ !

**ડૉ. જલધારા પટેલ**






# જુલાઈ ૨૦૨૬નો સેવાયજ્ઞ

| તારીખ | વિગત | સ્થળ | સહયોગ |
|---|---|---|---|
| ૧ જુલાઈ | ગાયત્રી યજ્ઞ | પ્રમુખ પ્રેઈઝ, સરગાસણ | પ્રેસીડેન્ટ લા. જાગૃતિ વ્યાસ અને લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૧ જુલાઈ | ડૉક્ટર્સ ડે સેલીબ્રેશન – વૃક્ષારોપણ કાર્યક્રમ | પ્રમુખ પ્રેઈઝ, સરગાસણ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૨ જુલાઈ | વૃક્ષારોપણ મહોત્સવ | વિનાયક સરલ કોટયાર્ડ, પીડીપીયુ | લા. અંજલિબેન પુરોહિત |
| ૩–૭ જુલાઈ | લાયન્સ ઈન્ટરનેશનલ કન્વેન્શન | હોંગકોંગ | લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ |
| ૫ જુલાઈ | વિઝન, ડાયાબિટીસ અને બી.પી. કેમ્પ | જક્ષણી અન્નપૂર્ણા ધામ, સાદરા | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૫ જુલાઈ | વૃક્ષારોપણ કાર્યક્રમ | શ્રી જક્ષણી માતાજી મંદિર સંકુલ, સાદરા | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૫ જુલાઈ | વડીલોને ભોજન | સેવાકુંજ આશ્રમ, સાદરા | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૯ જુલાઈ | ફર્સ્ટ બોર્ડ એન્ડ જનરલ મિટીંગ | સત્કાર હોટેલ, કુડાસણ | લા. સંજુ ગુપ્તા, લા. ગીતાબેન પટેલ લા. બીનાબેન ચોક્સી, લા. ઉષાબેન ટાંક |
| ૧૨ જુલાઈ | "એક પેડ માઁ કે નામ ૩.૦" અંતર્ગત મેગા ટ્રી પ્લાન્ટેશન | ઓમકારેશ્વર મંદિર મેદાન, સેક્ટર–૪ | ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન અને લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૧૬ જુલાઈ | રથયાત્રા સ્વાગત (ઈકો ફ્રેન્ડલી બેગ વિતરણ) | રાધાવલ્લભ મંદિર, સાદરા | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૧૯ જુલાઈ | ડિસ્ટ્રીક્ટ કેબીનેટ ઈન્સ્ટોલેશન | ટાઉનહોલ, સેક્ટર–૧૭ | લાયન્સ ડિસ્ટ્રીક્ટ – ૩૨૩૨–બી૩ |
| ૨૪ જુલાઈ | મેન્સ્ટ્રુઅલ હાઈજીન સેમિનાર વક્તા : ડૉ. જૈનશા પટેલ | સરકારી સાયન્સ કોલેજ, સેક્ટર–૧૫ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૨૫ જુલાઈ | ગૌરીવ્રત નિમિત્તે ડ્રાયફ્રુટ અને શણગારનું વિતરણ | સરકારી શાળા | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ---- | નોટબુક વિતરણ | સરકારી શાળા | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |





| | |
|---|---|
| ૦૪ જુલાઈ | લા. શ્વેતા અરોરા |
| ૦૬ જુલાઈ | લા. આરતી દોશી |
| ૦૮ જુલાઈ | લા. રાજશ્રી ગાંધી |
| ૦૯ જુલાઈ | લા. જીગીત્સા ભટ્ટ |
| ૧૨ જુલાઈ | લા. હિરલ ઠાકર |
| ૨૦ જુલાઈ | લા. અનામિકા અંજારીયા |
| ૨૨ જુલાઈ | લા. સોનલ પટેલ |
| ૨૬ જુલાઈ | લા. કુસુમબેન જોશી |
| ૨૭ જુલાઈ | લા. ભારતી ચૌધરી |
| ૨૮ જુલાઈ | લા. દેવલ જોશી |
| ૩૦ જુલાઈ | લા. અર્ચના દવે |




| | |
|---|---|
| ૦૯ જુલાઈ | લા. મમતા રાવલ |
| ૧૬ જુલાઈ | લા. અવની શર્મા |
| ૨૦ જુલાઈ | લા. ઉર્વી મહેતા |




District 3232B3
UNLESH YOUR POTENTIAL

**Our District Website**

https://lionsdistrict3232b3.org

Download & Install
**The District 3232-B3**
Mobile Application From The Following Link

Google Play Store Link :
https://play.google.com/store/apps/details?id=com.eryushion.lionsdistrict3232b3

Apple App Store Link :
https://apps.apple.com/us/app/district-3232b3/id1525068403

Scan to follow us :

YouTube

